THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતર્દૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 April - 2021 No. 47

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| 1. | એન. શ્રીરામ – સારપ એટલે જ સુખાકારી ... | શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ગિરિ–તળેટીથી ...................................... | શ્રી નરેશ એ. ત્રિવેદી | 5 |
| 3. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................ | શ્રી ધવલ શેઠ | 9 |
| 4. | 'ગુણાતીત'નાં લક્ષણો ................................ | પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા | 11 |
| 5. | રામ અને કૃષ્ણ એક સિક્કાની બે બાજુ છે ........ | શ્રીમતિ સુવર્ણા શાહ | 13 |
| 6. | માનવ પ્રગતિ, ડાર્વિન તથા રાષ્ટ્રચિંતન .......... | શ્રી ભરત ચુડાસમા | 15 |
| 7. | રંગ ભરવા જિંદગીમાં ................................ | શ્રી કનુપ્રસાદ પાઠક 'કમલ' | 17 |
| 8. | 'હું' ની ઓળખાણ .................................. | શ્રી દિવ્યેશ મહેતા | 18 |
| 9. | શાખા સમાચાર ....................................... | | 19 |
| 10. | આપણો પુસ્તક પ્રેમ ................................. | | 20 |

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** — ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** — સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસાફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

## ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

## થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

## "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

## "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360


**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# એન. શ્રીરામ – સારપ એટલે જ સુખાકારી

સંપાદકીય

*પ્રસ્તુતિ*

**શ્રી હર્ષવદન શેઠ**



૮મી એપ્રિલે થિયોસોફિકલ સોસાયટીના પાંચમા આંતરરાષ્ટ્રીય પ્રમુખ નિલકંઠ શ્રીરામને આપણે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. ૮મી એપ્રિલ, ૧૯૭૩ના રોજ અડ્યાર મુકામે પાર્થિવ દેહત્યાગ કર્યો.

એન. શ્રીરામને તેમના નિર્વાણ દિને યાદ કરીને તેમના કાર્યમાંથી પ્રેરણા પામવાનો પ્રયત્ન આપણે સૌ કરીએ. એવું કહેવાય છે કે મહા મેધાવી પુરૂષોના જન્મદિને તેમની જીવન ઝરમરને જાણવી જોઈએ અને નિર્વાણ દિને તેમના કાર્યોને યાદ કરીને તેમના પથ પર પ્રયાણ કરી શકીએ તેવાં પ્રયત્નો થવાં જોઈએ. એન. શ્રીરામે પોતાનું સમગ્ર જીવન સોસાયટીનાં કાર્ય માટે સમર્પિત કર્યું હતું. અડ્યારમાં આવેલી શાળાઓમાં ત્રણ વર્ષ સુધી શૈક્ષણિક કાર્ય કરીને પત્રકાર તરીકે અલ્હાબાદથી પ્રકટ થતાં તે વખતના ખૂબ જાણીતા પત્ર ''ધ લીડર''ના મદદનીશ તંત્રી તરીકે કાર્ય કર્યું. ડૉ. બેસન્ટના રાજકીય પત્ર ''ન્યુ ઈન્ડિયા''ના સહાયક તંત્રી તરીકે ૧૯૨૩ થી ૧૯૩૨ નવ વર્ષ સુધી કાર્યભાર સંભાળ્યો. વળી ડૉ. બેસન્ટ સંપાદિત ''ધ કોમન વિલ''ના મદદનીશ તંત્રી તરીકે અને ત્યાર પછી ડૉ. એરૂન્ડેલ દ્વારા સંપાદિત ''કોન્શ્યન્સ''ના સહતંત્રી તરીકે સેવા બજાવી, ૧૯૫૩થી ૧૯૭૩ સુધી થિયોસોફિકલ સોસાયટીના પાંચમા પ્રમુખ તરીકેની જવાબદારી દરમિયાન ''ધ થિયોસોફિસ્ટ''ના તંત્રી તરીકે વીસ વર્ષ સુધી સફળ સંચાલન કર્યું. આમ પોતાની જિંદગીના પચાસ વર્ષથી પણ વધારે સમય એક પત્રકાર–તંત્રી તરીકે જે કાર્ય કર્યું છે, તેને લીધે તેમની સાથે કામ કરનારાઓ એમને એક મહાન તંત્રી તરીકે બિરદાવે છે.


તેમના સ્વભાવની સરળતા અને સારપ તેમની આગવી ઓળખ હતી. પ્રકાશનના સામુહિક કાર્યમાં સહકાર અને સ્વાતંત્ર્યની ભાવનાના સુમેળથી તેઓ અનેક મુશ્કેલીઓને હલ કરતાં. એટલે જ તેમની સારપ અન્યો માટે સુખાકારી બની જતી. તેમના લેખોમાં આત્મઓજસથી દીપ્તિમાન એમનું ચિંતન અને દર્શન દેખાય છે.

''વોચ ટાવર નોટ્સ''ની એમની તંત્રી નોંધમાં આધુનિકતા છલકે છે. વિજ્ઞાન, યંત્રવિદ્યા, તત્વજ્ઞાન, રાજકીય અને સામાજિક બાબતોના અનેક ચિંતનાત્મક વર્ણનો વાચકોને નવીનતમ તાલીમ આપે છે. મનુષ્યના ભાવિને સ્પર્શતા અનેક પ્રશ્નોની તેમણે વિશદ છણાવટ કરી છે.

એન. શ્રીરામે માનવજાતની તુલના 'એક પ્રાચીન વનસ્પતિ – છોડ સાથે કરી છે. જેણે ઘણીએ ઋતુઓ જોઈ છે. તે નવીનતમ ફૂલોના પ્રગટીકરણની તૈયારી કરી રહ્યું છે. જૂના વેલાઓમાંથી નવા ઉત્પન્ન થઈ રહ્યાં છે.' 'સ્કૂલ ઓફ વિઝડમ'ના એકવીસ વર્ષ સુધી રેક્ટર

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**

**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**



તરીકે જે કાર્ય કર્યું છે તે તેમના સફળ સુકાની તરીકેનું એક વિશેષ ગૌરવભર્યું કાર્ય ગણાય છે. આ ઉપરાંત થિયોસોફિકલ સોસાયટીની આંતર શાળાના અને ફ્રી મેસનરીના અગત્યના સ્થાનેથી એમણે લાંબી અને મૂલ્યવાન સેવાઓ આપી છે.

તેમના સહવાસમાં જે કોઈ આવતાં તેમને શ્રીરામનું શાંત, સૌમ્ય, ગૌરવશાળી સારપભર્યું વ્યક્તિત્વ ખૂબ જ સ્પર્શી જતું. આજના સમયમાં પણ આપણા સૌ સભ્યોના એકબીજાના સહવાસમાં આવી સારપ સુખાકારી બનીને થિયોસોફીના નવ સંશોધન પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે. આપણી માન્યતાઓ કે બાહ્ય પ્રમાણને બાજુ પર મૂકીને સભ્યોએ એકબીજાને નિકટતાથી સમજવાની એન. શ્રીરામે જે હિમાયત કરી છે તેનો અમલ કરવાથી જ આપણે સુખમય જીવન અને આનંદમય અધ્યાત્મમાં વધુ સારી પ્રગતિ સાધીશું તેમાં કોઈ જ શંકા નથી.

લેખ વિશિષ્ટતા : શ્રી સી. જીનરાજદાસજીએ એન. શ્રીરામને **'The Wisest Among us** એટલે કે આપણા સૌમાં અધિકતમ પ્રજ્ઞાવાન' તરીકે બિરદાવ્યા હતા.

• • •

(ધી હિડન સાઈડ... પાના-૧૦ ઉપરથી ચાલુ)

એક વખતનો કિસ્સો છે. એક યુવાન વ્યક્તિનાં મૃત્યુ બાદ તેનાં દાંત કાઢી લેવામાં આવે છે કે જેથી તેને વેચી શકાય. આ યુવાન મૃત વ્યક્તિ તેનાં પિતાની સમક્ષ આવે છે. તેના મોંમાંથી લોહી નીકળતું હોય અને તે જાણે ગુસ્સાથી કહેતો હોય કે કેવી રીતે તેનાં દાંત ખેંચી લઈને તેને પીડા આપવામાં આવી હતી. ત્યારબાદ તેના પિતા તેનું દફન કરેલું શરીર બહાર કઢાવે છે અને ખબર પડે છે કે તે વાત સાચી હતી. આ કિસ્સામાં એ અશક્ય છે કે મૃત યુવાન વ્યક્તિએ કોઈપણ પ્રકારની પીડા અનુભવી હશે. પરંતુ જે તેના મૃત શરીર સાથે કરવામાં આવ્યું તેનાથી તે ખૂબ જ નારાજ હતો અને કેમ કે પાર્થિવ જગતમાં દાંત ખેંચી લેવાની પ્રક્રિયા ખૂબ જ પીડા આપે છે તેથી મૃત વ્યક્તિએ જાણે પોતે ઈજા પામ્યો છે તેવું કલ્પી લીધું.

મૃત્યુની છૂપી બાજુની સમજણથી આપણાં વિચારોમાં કેવો તફાવત ઊભો થાય છે તે **'Thought Forms'** નામના પુસ્તકમાં વિચાર દ્વારા દર્શાવવામાં આવ્યું છે. અહીં મૃત્યુ પામનાર વ્યક્તિની અંતિમ વિધિમાં હાજર બે અલગ–અલગ વ્યક્તિઓનાં વિચાર-રૂપો બતાવવામાં આવ્યાં છે. આ બંને વ્યક્તિઓમાંથી જે વ્યક્તિને મૃત્યુની સાચી સમજણ નથી તેનાં વિચારો સ્વાર્થી ડરવાળાં અને ગમગીની ભરેલાં હોય છે, જ્યારે બીજી વ્યક્તિ કે જેને મૃત્યુની સાચી સમજણ છે તેના વિચારોમાં આવી કોઈ જ લાગણી હોતી નથી. તેનાં વિચારોમાં રહેલી લાગણી તે પાછળ રહી ગયેલાં અને પીડા અનુભવતાં લોકો માટે સહાનુભૂતિવાળી, સ્નેહ અને અનુરાગથી ભરેલી હોય છે. (ક્રમશઃ)

(મો. : ૯૯૮૦૯૪૨૫૧૫)

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

# ગિરિ-તળેટીથી

## થિયોસોફિકલ સોસાયટીનો પ્રથમ ઉદ્દેશ : ભાગ-૧

થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના ૧૭ નવેમ્બર, ૧૮૭૫માં થઈ હતી. આજે આ સોસાયટીને ૧૪૫ વર્ષ પૂરા થયા છે. આટલા લાંબા સમય સુધી ટકી રહેવું એ ઘણી સંસ્થાઓ માટે મુશ્કેલ કાર્ય હોય છે. જ્યારે થિયોસોફિકલ સોસાયટીનું અસ્તિત્વ માત્ર ટકી રહેવામાં નથી, પણ તેનો વિશ્વભરમાં જે વિકાસ અને વિસ્તાર થયો છે તે જ બતાવે છે કે એમાં કાંઈક એવું તત્વ છે, જેના કારણે થિ. સો.ની આવી ભવ્ય ઈમારત બની શકી છે. જો કે આપણે સૌ જાણીએ છીએ તેમ થિ. સો.ની આ ભવ્ય ઈમારત તેના બે મજબુત આધારસ્તંભમાંથી એક છે તેનો મુદ્રાલેખ "સત્યાન્નાસ્તિ પરો ધર્મ". "સત્યથી મહાન કોઈ બીજો ધર્મ નથી." આ વિશે આપણે ફેબ્રુ. ૨૦૨૧ના અંકમાં વાત કરી હતી. જ્યારે થિ.સો.નો બીજો મુખ્ય આધારસ્તંભ તેના ત્રણ મહાન ઉદ્દેશો છે. તેમાં પણ પ્રથમ ઉદ્દેશ અલબત્ત ઉત્કૃષ્ટ છે. તે છે "પ્રજા, ધર્મ, જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ વિના માનવ જાતિનું વિશ્વબંધુત્વનું એક જીવંત કેન્દ્ર રચવું."

જે કોઈ થિ.સો.માં જોડાવા ઈચ્છતા હોય તે સૌને, પછી તે કોઈપણ હોય, ગરીબ હોય કે અમીર હોય, મજુર હોય કે ઉદ્યોગપતિ હોય, હિન્દુ હોય કે મુસ્લિમ કે ગમે તે ધર્મનો હોય, ભારતીય હોય, ચીની હોય કે રશિયન હોય, સ્ત્રી કે પુરુષ હોય, અરે, એ ઈશ્વરમાં આસ્થા ધરાવતો આસ્તિક હોય કે નાસ્તિક હોય, કે પછી ગમે તેવા ભેદભાવોને ધ્યાનમાં લીધા સિવાય માત્ર, જો તે માનવમાત્ર સાથે બંધુભાવ કેળવવાની ઈચ્છા અને ભાવના રાખતો હોય, તો તેને થિયોસોફીમાં આવકારવામાં આવે છે. શરત માત્ર એટલી જ કે તેની ઈચ્છા ભ્રાતૃભાવ ભર્યું જીવન આગળ ધપાવવાની હોવી જોઈએ. નહિતર આ માનવજાતના ભ્રાતૃભાવનું કેન્દ્ર બનવાનું તેના માટે અશક્ય બની રહેશે. જો કે તે ઉપરાંત પણ તેઓ બાકીના બે ઉદ્દેશો સાથે સહાનુભૂતિ ધરાવતા હોવા જોઈએ. કેમ કે બાકીના બે ઉદ્દેશો વિશ્વબંધુત્વની ભાવનાની ઊંડી સમજ તરફ દોરી જાય છે.

થિ.સો.ના સભ્યો એ એવા લોકો છે જેઓને વિશ્વબંધુત્વ તરફ સાચી અને વ્યાવહારિક લાગણી અને સહાનુભૂતિ તો છે જ, પણ સાથે બીજા બંને ઉદ્દેશો માટે એટલે કે ધર્મ, વિજ્ઞાન અને તત્વજ્ઞાનના તુલનાત્મક રીતે અભ્યાસને અગ્રતાની દૃષ્ટિએ ઉત્તેજન આપી અને તે દ્વારા ભ્રાતૃભાવની વધુ સ્પષ્ટતા, વધુ ખુલાસા કરવા અને હજી સુધી બંધુભાવમાં કુદરતના જે નિયમો કે હકીકતો જાણી ના શકાયા હોય તેનું સંશોધન કરવાની તીવ્ર ઈચ્છા પણ હોય છે. આવા અભ્યાસ કે સંશોધન કરવા કદાચ કોઈને અણગમો કે અરુચિ પણ હોય તેમ છતાં ઊંડા અભ્યાસ અને સંશોધન તરફ દરેક સભ્યોને આદર હોય, કદર હોય એવી અપેક્ષા તો રાખવામાં આવે છે.

ગમે તેમ હોય પણ થિ.સો.ના ઉદ્દેશોનું થિ.સો.ના વિકાસમાં અને વૈશ્વિક ભ્રાતૃભાવની ભાવના દ્વારા વિશ્વશાંતિની સ્થાપનાનાં પ્રયાસમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન છે. પરમ સત્ય કે પૂર્ણ સત્ય જાણવા કે સમજવા કે પામવા માટે થિયોસોફીની ખાસ વૈજ્ઞાનિક પદ્ધતિ અને

સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા

સત્યની શોધને મૂર્ત સ્વરૂપ આપવા માટે થિ.સો.નું ખૂબ મહત્ત્વ છે. થિ.સો. વિશ્વ સમક્ષ થિયોસોફી શું છે તે બાબત કોઈ ખાસ વ્યાખ્યા કે વિધાન કરતી નથી, કોઈ પણ સભ્ય માટે તેનો અભ્યાસ કે તેના લખાણનો સ્વીકાર કરવાનું સહેજ પણ બંધનકર્તા નથી. થિયોસોફી સાહિત્યનો જ અભ્યાસ કરવો એવો કોઈ આગ્રહ પણ નથી. વળી થિયોસોફી એ કોઈ ધર્મ નથી, તેથી કોઈને નવો ધર્મ સ્વીકારવાનો નથી કે અંગીકાર કરવાનો નથી, તેમજ પોતાનો ધર્મ છોડવાનો પણ નથી કે પોતાની માન્યતાઓ છોડવાની નથી. માત્ર સાચી રીતે સમજવાની છે, પણ તેમ છતાં ભ્રાતૃભાવની લાગણીનો વિકાસ કરવાનું જે તેના પ્રથમ ઉદ્દેશોમાં જણાવવામાં આવેલ છે તેનો ચોક્કસપણે સ્વીકાર કરવાનો છે, અને તે માટે ચોક્કસ વચનબદ્ધ છે. આ ઉપરાંત ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસમાંથી મળેલ, હજી સુધી અવ્યક્ત રહેલ, સત્ય જે કોઈને તેમાં રસ હોય તેને માટે ખુલ્લુ મુકવા સોસાયટી વચનબદ્ધ છે. પણ એ હકીકત છે કે આ સંસ્થા એટલે કે થિ.સો. તેના સભ્યોને થિયોસોફીના ગહન અભ્યાસ કરવાની શરત કે વચનથી બાંધી શકે નહીં. એ દેખીતું છે કે મોટાભાગના સભ્યોને થિયોસોફીના વિદ્યાર્થી કે અભ્યાસુ થવાનું ગમે છે. પણ થિ.સો.નો પ્રથમ ઉદ્દેશ થિયોસોફીનો માત્ર અભ્યાસ કરવાનું જ નહિ પણ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના ખિલવી માનવીય વૈશ્વિક ભ્રાતૃભાવનું જીવંત કેન્દ્ર બનવા માટે કહે છે. તેથી તેનો ચોક્કસપણે એવો અર્થ થાય કે જેઓને થિ.સો. સાથે સીધી રીતે કોઈ સંબંધ કે લાગણી હોય કે ન પણ હોય તે સહિત સર્વમાં ભ્રાતૃભાવની લાગણીનો પ્રસાર કરી એક મજબુત બંધુત્વનું કેન્દ્ર બનાવવું. કારણ કે ભ્રાતૃભાવનું જીવંત કેન્દ્ર ક્યારેય માત્ર થિ.સો.ના સભ્યો સુધી સીમિત ન હોય શકે.

થિ.સો.નો પહેલો ઉદ્દેશ ભ્રાતૃભાવની ભાવના સમસ્ત વિશ્વમાં પ્રસરાવવાની વાત કરે છે. તેનું આટલું મહત્ત્વ કેમ છે અને સોસાયટીએ એને પ્રથમ સ્થાન કેમ આપ્યું છે તે વિચારીએ તો સ્પષ્ટ સમજાશે કે તે જગતના ટુકડા કરનાર જુદા જુદા આવરણોનો નાશ કરવામાં અને સમગ્ર જગતને કુટુમ્બરૂપ બનાવવામાં, જગતમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવામાં સહાય કરે છે. માનવ હૃદયને ઉદાર અને ક્ષમાશીલ બનાવે છે. ભ્રાતૃભાવ દ્વારા ભક્તિ ખીલવવામાં તથા મનુષ્યની ઈચ્છાશક્તિ વિકસાવવામાં મદદરૂપ થાય છે. પ્રથમ ઉદ્દેશ એ મહાપુરુષોના હૃદયનું શબ્દચિત્ર છે. સોસાયટીનો પહેલો ઉદ્દેશ જાણવો, સમજવો અને એ પ્રમાણે જીવનમાં આચરણ કરવાથી પોતાના હૃદયને મહાપુરુષોના હૃદય સાથે સંબંધ જોડવામાં સેતુ રૂપ બને છે.

થિ.સો.ના ઉદ્દેશો ત્રણ છે; પણ તેમાં બધુ જ આવી જાય છે. જો પ્રથમ ઉદ્દેશ પ્રમાણે જ જીવવાનું શરૂ કરે તો જ્ઞાન – એટલે કે સાચી સરળ સમજણ, ધ્યાન અને સેવાના કાર્યો દ્વારા એક સામાજિક, સાંસ્કારિક અને આધ્યાત્મિક સંસ્થાનું કેન્દ્ર બની જાય છે. જેની મદદથી જીવન ચક્ષુનો ઉઘાડ – આત્મ ઉન્નતિ અને પરમ તત્ત્વોનો સાક્ષાત્કાર તથા સર્વાંગી વિકાસ સિદ્ધ થાય છે.

"સત્યથી મહાન બીજો કોઈ ધર્મ નથી" એ આપણા મુદ્રાલેખને આત્મજ્ઞાત કરવા માટે થિ.સો. તરફથી આ ત્રણ ઉદ્દેશો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉદ્દેશોને યથાર્થપણે સમજીને જ આપણા જીવનમાં તેમને ચરિતાર્થ કરી શકાય અને માત્ર તે જ રીતે આપણે આપણા અંતિમ ધ્યેયને પામી શકીએ.

જો પ્રથમ ઉદ્દેશ સમજાય, તેની ગંભીરતા, ઉપયોગીતા અને એ કઈ દીશા સૂચવે છે, કયો માર્ગ બતાવે છે તેનો ખ્યાલ જો આવી જાય તો સમગ્ર વિશ્વમાં

---

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

પ્રવર્તતી સર્વે ભિન્નતાનો સ્વીકાર કરી, તેમાં કોઈ ભેદભાવ યા ભેદબુદ્ધિનું આરોપણ કર્યા વગર વિભિન્નતામાં એકતાના દર્શન કરતાં કરતાં પ્રત્યેક મનુષ્યનો આદરભાવ સહિત સ્વીકાર કરવો એ જ આપણા પ્રથમ ઉદ્દેશનું લક્ષ્ય છે. એ દ્વારા જ માનવજાતના વિશ્વબંધુત્વના કેન્દ્રની રચના કરી શકીશું.

માનવજાતિના વૈશ્વિક બંધુત્વનું એકમ યા કેન્દ્ર બનવાનો ઈરાદો થિ.સો.નો પ્રથમ ઉદ્દેશ ઘોષિત કરે છે. આવું એકમ યા કેન્દ્ર બનીને થિ.સો. તેની રચના અને સ્વરૂપમાં અનોખી સંસ્કૃતિની લાક્ષણિકતા પ્રતિબિંબિત કરવાની અપેક્ષા રાખે છે. તેમાં ભિન્નતા ઉપર કોઈ ભેદ બુદ્ધિ આરોપિત કરવામાં આવતી ન હોય, તે ભિન્નતા વિભાજન ઊભું કરતી નથી; બલ્કે શારીરિક, સામાજિક કે માનસિક ભિન્નતાઓ સમગ્ર જીવનને સમૃદ્ધ કરે છે. વિશ્વ વિવિધતાથી સભર છે અને એ જ તો એની બ્યુટી છે – એ જ એની સુંદરતા છે.

હવે થિ.સો.ના પહેલા ઉદ્દેશની આટલી જરૂરિયાત શા માટે છે તે સમજીએ. આપણે જોઈએ છીએ કે આજે વિશ્વમાં માનવ માનવ વચ્ચે અનેક ભેદભાવ છે. જ્ઞાતિભેદ, જાતિભેદ, વિચારભેદ, માન્યતા ભેદ, ઉચ્ચ–નીચના ભેદ આવા તો અનેક ભેદ છે. ભેદથી વિભાજિત થયેલ માનવજાતને એક કરતી અને સમાનતાના સ્તરે તેમાં ભાતૃભાવનું સિંચન કરવાની ખૂબ જરૂરિયાત છે.

માનવજાતમાં પ્રેમ, સહકાર, સેવા, કરુણા વગેરે ઉત્પન્ન કરી મારા–તારાના સ્વાર્થી વ્યવહારમાં તણાતા લોકોને સ્વાર્થમાંથી નિસ્વાર્થ માટે સમજાવી અને સહકારનું વાતાવરણ સર્જાય, તથા માનવજાતના પ્રશ્નો સરળતાથી ઉકેલાય, વિશ્વમાં સુખ અને શાંતિનો પ્રસાર થાય, લોકોના જીવનમાં થતો તનાવ ઘટે, આમ કરવા માટે વિશ્વમાં માનવજાતના મનમાં ભાતૃભાવનું સિંચન કરવું ખૂબ અનિવાર્ય છે. વિશ્વબંધુત્વની ભાવના સર્વ માનવમાં પ્રસરે તો વિશ્વના ઘણા દુઃખો ઉદ્ભવે જ નહિ, બલ્કે પ્રાણીમાત્રના સંબંધોમાં, પ્રજાના સંબંધોમાં સંવાદિતા અને સમતુલા પ્રકટે, તનાવ અને ભયથી ભરેલા વાતાવરણને બદલે સુખ, શાંતિ અને વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય તેથી થિ.સો.એ વિશ્વબંધુત્વના કાર્યને પ્રથમ અને મુખ્ય ઉદ્દેશ તરીકે સ્વીકારેલ છે.

પોતાના ગ્રંથ ''મૌનનો નાદ''માં **H.P.B.** જણાવે છે કે આધ્યાત્મિક મનુષ્યનું મન ગહન તેમજ વિશાળ હોવું જોઈએ. પ્રથમ ઉદ્દેશ બંધુત્વની નૂતન ચેતનાની વાત કરે છે. **H.P.B.** ના ''કિ ટુ થિયોસોફી'' પુસ્તકમાં જિજ્ઞાસુ પૂછે છે કે થિયો.નો પ્રમુખ ઉદ્દેશ શું છે ? અને તેના જવાબમાં **H.P.B.** કહે છે. થિ.સો.ના ત્રણ ઉદ્દેશો છે; પણ તેના સિવાય પણ કંઈ કેટલાંક ઉદ્દેશો છે પણ એ સૌમાં પ્રમુખ ઉદ્દેશ એ ત્રણમાંથી પ્રથમ ઉદ્દેશ છે માનવ કષ્ટને દૂર કરવાનું. પછી એ કષ્ટ શારીરિક હોય કે માનસિક કષ્ટ હોય અને અમારી માન્યતા પ્રમાણે ભૌતિક અપેક્ષાએ માનસિક કષ્ટ કંઈક અધિક મહત્ત્વપૂર્ણ છે. થિ.સો.ને નૈતિકતા વિકસિત કરવી છે. સ્થૂળ શરીરના કષ્ટ નિવારણને માટે મનને પવિત્ર કરવું પડશે. કારણ કે દુર્ઘટનાઓને છોડીને એના બાકીના બધા કષ્ટ વંશાનુગત હોય છે. સ્વાર્થસભર મન ભેદ પાડે છે. કાળો–ધોળો, ગરીબ–તવંગર, ઉચ્ચ–નીચ, આ કે તે જાતિ... એટલા પણ વિરોધી જોડકાઓ છે તે ગણીએ તેટલા ઓછા છે. પાર આવે તેમ નથી. એમાં સમત્વ કેળવવાનું છે. કિ ટુ થિયોસોફીમાં જિજ્ઞાસુ ફરી એ જ પ્રશ્ન પૂછે છે પણ બીજી રીતે કે વિભિન્ન રાષ્ટ્રોમાં જેના ધર્મ, રીત–રિવાજ, માન્યતાઓ અને રહેણી–કરણી તેમજ વિચાર પદ્ધતિઓ જુદી જુદી છે, ઘણી ભિન્નતા છે એ બધાની વચ્ચે બંધુત્વની આ ભાવનાને સાકાર

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

કરવા તમે કયું સાધન અપનાવશો ? એના જવાબમાં કહે છે "એના માટે એ કારણોને દૂર કરવા પડશે કે જેને લીધે વિશ્વબંધુત્વ એક કાલ્પનિક આદર્શ બનીને રહી ગયું છે. એમાંથી પ્રથમ અને મુખ્ય કારણ માનવ સ્વભાવની સ્વભાવિક સ્વાર્થ વૃત્તિ છે. વર્તમાન ધાર્મિક શિક્ષણ આ સ્વાર્થપરતાને પ્રોત્સાહિત જ નથી કરતી બલ્કે એને નિશ્ચિતરૂપથી ઉચિત માને છે. આ કારણથી તે સમાપ્ત થવાને બદલે સશક્ત અને અનુપ્રાણિત થાય છે. સાચું શું અને ખોટું શું એ વિષયમાં મનુષ્યના વિચારો બહુ જ વિકૃત થઈ ગયા છે. ઈસા મસીહાની નિઃસ્વાર્થતા અને પરોપકારિતાનું શિક્ષણ મંચ પરથી ભાષણ આપવાના વિષય બનીને રહી ગયા છે. હું **(H.P.B.)** સ્પષ્ટ અને નિર્ભયતાથી કહું છું કે બીજી વિકૃતિઓની જેમ આ વિકૃતિને પણ ફક્ત થિયોસોફી જ દૂર કરી શકે તેમ છે.

આ બધી વિકૃતિઓનું કારણ જો વિચારીએ તો સમજાય છે કે જગતમાં માનવ મનમાં જે સ્વાર્થ અને અહમ્‌ની વૃત્તિ હોય છે તેને કારણે ધનનો, સત્તાનો, પદનો, કીર્તિનો અને પ્રતિભાનો મોહ અને પછી લોભ ઉત્પન્ન થાય છે. આ બધુ પામવા અને પછી ટકાવી રાખવા અનેક કાવાદાવા તેમજ યુક્તિઓ કરવામાં માનવ મન સદાય રચ્યું–પચ્યું રહે છે. જ્યારે એમ લાગે કે આમાં કોઈ અડચણ ઊભી કરી રહ્યું છે, કે પછી કોઈ પોતાથી પણ વધારે સુખી થઈ ગયું છે કે વધારે આગળ વધી ગયું છે ત્યારે તેનામાં રહેલ સ્વાર્થવૃત્તિ અને મોહ બીજા તરફ ઈર્ષા અને પછી ક્રોધ ઉત્પન્ન કરવાનું કારણ બને છે અને તે કારણે જ એકબીજા પ્રત્યે રાગ–દ્વેષની વૃત્તિ વધતા જતાં અંતે ચારે તરફ દુશ્મનાવટ, વેરઝેર, હિંસા, લડાઈ–ઝગડા અને આતંકવાદ જેવા અનેક દૂષણો સમાજમાં ફેલાય છે. આ બધામાંથી મુક્ત રહેવાનો એક માત્ર ઉપાય દરેક માનવ હૃદયમાં પ્રેમ અને કરુણા તેમજ બીજાને પણ સુખી જોવાની ભાવના અને સહાનુભૂતિ જાગે તે જ છે. જે. કૃષ્ણમૂર્તિ કહેતા "પોતાનો નહિ, બીજાનો વિચાર કરો" સત્ય હકીકત એ છે કે પોતાને ભૂલ્યા વગર કોઈ થિયોસોફિસ્ટ સત્ય શોધી શકવાનો નથી. અહમ્‌ને ભૂલ્યા વિના અને ચારિત્ર અને વિશ્વબંધુત્વનું ભાથું સાથે લીધા વિના એટલે કે વિશ્વબંધુત્વની પાકી નિષ્ઠા વિના કોઈ સત્યના પથ પર પગ મૂકી શકવાનો નથી. પણ બીજા માટે સહાનુભૂતિ અને પ્રેમની લાગણી ત્યારે જ થાય કે જેમ પોતાના પરિવારના સૌ સભ્યો પ્રત્યે જેવી પ્રેમ અને એકતાની લાગણી હોય છે, તેવી જગતના સર્વ પ્રત્યે થાય અને તે તો જ શક્ય બને, જો સૌ પ્રત્યે ભ્રાતૃભાવની દૃષ્ટિ ખીલે. પરિવારમાં એક ભાઈ સંજોગવસાત મજુરી કરતો હોય, બીજો શિક્ષક હોય અને ત્રીજો ભાઈ સરકારી નોકરીમાં કોઈ ઉચ્ચ હોદ્દા પર હોય, તો પણ સૌને પરસ્પર એકબીજાના પ્રત્યે તો ખૂબ જ પ્રેમભાવ હોય છે. સૌમાં એકત્વની ભાવના પ્રબળ હોય છે, દરેક એકબીજા માટે સહાનુભૂતિ અને પ્રેમભરી શુભ લાગણી ધરાવતા હોય છે. તેથી જ સૌ સાથે હોય ત્યારે સુખ અને આનંદના માહોલનો અનુભવ કરે છે, તે જ રીતે વિશ્વને એક વિશાળ પરિવાર માનવામાં આવે અને સર્વમાં બંધુત્વની ભાવના જાગે અને એકત્વનો સૌ અહેસાસ (અનુભવાય) કરે, તો વિશ્વમાં આજે જે અનેક અનિષ્ટ બનાવો રોજે રોજ બનતા જોઈએ છીએ, તે ધીરે ધીરે ઓછા થઈ જાય અને ચોતરફ અનુભવાતું ભયનું વાતાવરણ નાશ પામે. પછી સર્વત્ર સુખ, શાંતિ અને આનંદનું સ્થાપન થઈ શકે, જે થિયોસોફિકલ સોસાયટીના પ્રથમ ઉદ્દેશ પાછળ રહેલ ભાવના છે. પછી તો સૌ એકબીજાના સહઅસ્તિત્વનો સ્વીકાર કરી સહકારથી કાર્ય કરી શકે અને વિશ્વ જીવવા માટે સ્વર્ગ જેવું બની જાય. (ક્રમશઃ)

(મો. : ૯૮૭૯૦૬૫૨૦૦)

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ

શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## મૃત્યુ બાદ કરવામાં આવતી અંતિમ વિધિની આપણા પર થતી અસરો

મૃત્યુ પામેલા વ્યક્તિની અંતિમ વિધિમાં આપણે જ્યારે હાજર હોઈએ ત્યારે તે મૃત વ્યક્તિ વિશે જ વિચારવું જોઈએ. તે મૃત વ્યક્તિ પણ તે સમયે ત્યાં હાજર જ હોય છે. આ વિચાર મૃત વ્યક્તિની શાંતિ અને વિકાસ માટેનો તેમજ દૃઢ અને લાગણીવાળો હોવો જોઈએ. પાછળ રહી ગયેલાં અને શોક કરતાં લોકો તરફ પણ તેણે હકારાત્મક અભિગમ રાખવો જોઈએ. તેનો વિચાર એટલો મજબૂત હોવો જોઈએ કે તે દુઃખી થતાં લોકો પર એવી છાપ છોડે કે તેમણે નિરાશ થવાની જરૂર નથી. કેમ કે જેને તેઓ મૃત માની રહ્યા છે તે વ્યક્તિ વાસ્તવમાં તો જીવિત છે. તેમના દ્વારા કરવામાં આવતો શોક કે વિલાપ તે વ્યક્તિની નવી પરિસ્થિતિમાં અડચણરૂપ બનશે. આપણે માનસિક રીતે એવો પ્રયત્ન કરવો જોઈએ કે મૃત્યુ પામેલી વ્યક્તિનાં અંગત લોકો નિઃસહાય અને વિલાપની પરિસ્થિતિમાં ન સરી જાય.

આધુનિક અંતિમવિધિની પ્રક્રિયા આદર્શ પ્રક્રિયાથી ખૂબ જ દૂર છે. એવું માની લેવામાં આવ્યું છે કે મૃત શરીરના નિકાલ કરવાની પ્રક્રિયા સાથે કોઈ ને કોઈ વિધિ જોડાયેલી હોવી જ જોઈએ, પરંતુ જે હાલ કરવામાં આવે છે તેના કરતાં પણ વધુ સારું ઘડી શકાય તેમ છે. સ્મશાનગૃહ કે કબ્રસ્તાનનું વાતાવરણ હંમેશા શોકથી ઘેરાયેલું હોય છે. તેની સાથે જોડાયેલી દરેક વસ્તુ દુઃખદાયી હોય છે. જગતનાં જૂજ લોકોને જ મૃત્યુની સાચી સમજણ છે જ્યારે મોટા ભાગનાં લોકો તેને દુઃખની ઘટના જ ગણે છે. આથી જ મૃત્યુ સાથે સંકળાયેલા સ્થળો શોકની લાગણી તેમજ વિચારોથી ઘેરાયેલાં રહે છે.

## મૃતદેહનો નાશ

જે કોઈપણ વ્યક્તિ મૃત્યુનું રહસ્ય જાણે છે તે હાલની મૃતદેહનો નાશ કરવાની મોટાભાગની પ્રક્રિયાઓ સાથે અસહમત જ હશે. ભાવનાત્મક રીતે પણ તે સમજવું અશક્ય છે કે કોઈપણ મનુષ્ય એ વિચાર સાથે સમાધાન કઈ રીતે કરી શકે કે જેમાં તેણે જે શરીરનું આખું જીવન ચાહ્યું હોય તેને એવી પરિસ્થિતિમાં ધીમી અને ધૃણાસ્પદ રીતે સડવા મૂકી દે કે જેની કલ્પના માત્રથી ભય ઉત્પન્ન થઈ જાય અને આવી પ્રક્રિયાનાં લીધે થતાં હવા અને પાણીનાં પ્રદૂષણનાં લીધે જીવિત લોકો માટે રોગોનો જે ખતરો ઊભો થાય છે તે જોતાં જણાય છે કે મૃતદેહનો નિકાલ કરવાની આપણી હાલની પદ્ધતિઓ એ વાતને દૃઢ કરે છે કે જે સભ્યતાનો આપણે ગર્વ લઈ રહ્યાં છીએ તે માત્ર બહારનો દેખાવ જ છે.

જ્યારે આપણે આ પ્રક્રિયાની એવી બાજુને જોઈએ છીએ કે જેની મોટાં ભાગનાં લોકોને જાણ નથી ત્યારે આપણી અજ્ઞાનતા વધુ દૃઢ બને છે. જ્યારે આપણને જણાય છે કે મૃતદેહનાં ધીમે ધીમે સડી જવાની પ્રક્રિયાથી કેવી અસરો ઉત્પન્ન થાય છે; ત્યારે તે પણ સમજાય છે

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

કે આ પ્રક્રિયાથી પાછળ રહી ગયેલાં જીવિત લોકોને પણ ભયાનક અને કારણ વગરનું નુકસાન પહોંચે છે.

મૃત્યુ પામેલો મનુષ્ય જો થોડો ઘણો પણ સમજણવાળો હોય તો તેનાં મૃતદેહ સાથે શું થાય છે તેનાથી તેને કોઈ જ ફરક પડતો નથી પરંતુ મૃત્યુ પામનાર દરેક વ્યક્તિ સમજણવાળો કે જાગૃત મનવાળો નથી હોતો.

રહસ્યવાદનાં વિદ્યાર્થીની જેમ સામાન્ય મનુષ્ય પોતાના શરીર અને આત્માને અલગ અલગ રીતે જોઈ શકતો નથી. એ એક હકીકત છે કે મૃત મનુષ્ય પોતાનું શરીર છોડી ચૂક્યો છે અને હવે તે તેને પાછું મેળવી શકે તેમ નથી. તેવાં પણ લોકો છે કે જેઓ જીવનને પાર્થિવ જગત સિવાય વિચારતાં જ નથી. આવાં લોકો મૃત્યુ બાદ જ્યારે પોતાને પોતાના શરીરથી અલગ જુએ છે ત્યારે ડરી જાય છે. તેઓ પાર્થિવ જગત સાથે સંપર્કમાં આવવાનાં સતત પ્રયાસો કરતાં રહે છે. મોટાભાગનાં મૃત લોકો આમાં સફળ થતાં નથી પરંતુ જ્યારે પણ કોઈ અમુક અંશે સફળ થાય છે ત્યારે તેઓ તેમનાં શરીરનો જ ઉપયોગ કરે છે. પોતાના ક્ષીણ થઈ ગયેલાં પાર્થિવ શરીર પ્રત્યેનો આવા લગાવનાં લીધે તેઓ અપૂર્ણ રીતે પાર્થિવ જગતનાં સંપર્કમાં આવે છે તેમજ તે કુદરત વિરુદ્ધની પણ છે. આનાથી તેઓ સંપૂર્ણપણે પાર્થિવ જગતમાં આવતાં નથી, ઉલટાનું સ્વસ્થ એસ્ટ્રલ જીવનમાંથી પણ થોડાં સમય માટે દૂર થઈ જાય છે. આવાં લોકો થોડા સમય માટે પોતાના માટે ઝાંખું, ધૂંધળું અને ભયથી ભરેલું જગત બનાવી લે છે કે જેમાં રહીને તેઓ પાર્થિવ જગતની ઘટનાઓને જોયા કરે છે.

તેઓ ગાઢ શરીરોમાં સંપૂર્ણપણે પાછા ફરી શકતાં નથી, પરંતુ તેઓ તેમનાં છોડી દીધેલાં શરીરોનાં ઈથરીક તત્ત્વનો કબજો મેળવી લે છે અને તેમાં ફર્યા કરે છે. આ વસ્તુ જ તેમનાં દુઃખનું કારણ બને છે. જ્યાં સુધી તેઓ આ લગાવ છોડી શકતાં નથી; જ્યાં સુધી તેઓ અંધકારમાંથી પ્રકાશ તરફ આવતાં નથી, ત્યાં સુધી તેમને પરમ શાંતિ મળી શકતી નથી. પૂર્વનાં દેશોનાં ઘણાં કાળા જાદૂમાં તેમજ વુડુ (**Voodoo**) અને ઓબીઆહ (**Obeah**) જેવાં જાદૂટોણાંમાં મૃત શરીરોનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આ બધી ક્રિયાવિધિઓને એટલું મહત્ત્વ આપવું ન જોઈએ.

પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે મૃત શરીરનો યોગ્ય નિકાલ કરવાથી દુષ્ટ પ્રભાવની ઘણી શક્યતાઓનો નાશ કરી શકાય છે. હિન્દુઓ, ગ્રીક લોકો તેમજ રોમન લોકોની મૃતદેહનાં અંતિમ સંસ્કારની પદ્ધતિઓ ઘણી જ યોગ્ય છે. મૃત્યુ બાદ પાર્થિવ શરીરને તેનાં ઘટક તત્ત્વોમાં શક્ય હોય તેટલું જલદી વિલિન કરી નાખવામાં આવે છે.

ઘણાં લોકો એવી ગેરમાન્યતાઓ ધરાવે છે કે જ્યારે કોઈ વ્યક્તિનું અચાનક મૃત્યુ થાય છે ત્યારે એવું બની શકે કે મૃત્યુ પામનાર વ્યક્તિ પોતાના પાર્થિવ શરીરથી સંપૂર્ણપણે મુક્ત થયો ન હોય. તેથી તે આગની જ્વાળામાં પીડા અનુભવી શકે છે. જો મૃત્યુ અચાનક થયું હોય તો પણ એસ્ટ્રલ અને ઈથરીક તત્ત્વ પાર્થિવ શરીરમાંથી સંપૂર્ણપણે છૂટાં પડી જતાં હોય છે. તો એ અશક્ય છે કે મૃત વ્યક્તિ તેના પાર્થિવ શરીર સાથે જે કાંઈ પણ કરવામાં આવે તેને અનુભવી શકે કેમકે અહીં પાર્થિવ શરીર સાથેનું જોડાણ સંપૂર્ણપણે તૂટી ચૂકેલું હોય છે.

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**

**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

# 'ગુણાતીત'નાં લક્ષણો

*પ્રસ્તુતિ*
પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
*અમદાવાદ લૉજ*

શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૪માં અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને ત્રયોગુણ વિશેનું જ્ઞાન આપે છે. આ એક ઉત્તમ જ્ઞાન છે. આ જ્ઞાનનો આશય લઈને જે લોકો પ્રભુના સ્વરૂપને પામે છે, તેઓ જન્મ–મરણની વ્યાકુળતાથી મુક્ત થાય છે. તે ઉચ્ચ સ્થિતિ છે. સર્વભૂતોના પિતા શ્રીકૃષ્ણ છે, તેઓ જ સર્વ યોનિઓમાં ચેતનાનાં અંશરૂપી બીજનું સ્થાપન કરે છે. જીવોનો જન્મ થાય છે. તેઓનું ઉત્પત્તિસ્થાન મહદ્ બ્રહ્મપ્રકૃતિ છે. પ્રભુ તે પ્રકૃતિના સ્વામી છે. તેથી તેમને જગત્પિતા કહેવાય છે. આ પ્રકૃતિથી ઉત્પન્ન થતાં સત્ત્વ, રજસ્ અને તમસ્ – એ ત્રણ ગુણો અવિનાશી જીવાત્માને દેહમાં બાંધે છે (૧૪-૫). આથી સમજાય છે કે જીવાત્માને સંસારનું બંધન, જે દેહને કારણે છે, તે ત્રણ ગુણોના પ્રાકૃતિક સામ્રાજ્યનો ભાગ છે. પ્રકૃતિની અસરોથી કોઈ જીવાત્મા મુક્ત રહી શકતો નથી.

આ ત્રણ ગુણોમાં સત્વ ગુણ નિર્મળ હોવાથી બુદ્ધિનો પ્રકાશ કરનાર અને દોષરહિત છે, પરંતુ તે સુખ અને જ્ઞાનના સંગથી જીવને બંધનરૂપ બને છે, તેથી જો જીવાત્મા મુક્તિ ઈચ્છતો હોય તો તેણે સુખ અને જ્ઞાનના સર્વ સંબંધોનો પણ ત્યાગ કરવો જોઈએ, ત્યારે ગુણાતીતની સ્થિતિ પ્રાપ્ત થાય. બીજો ગુણ છે : રજોગુણ, તે મનુષ્યની સંસાર પ્રત્યેની આસક્તિ તથા તૃષ્ણા (વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા)ના કારણે ઉત્પન્ન થાય છે. તે બધા જીવોને ઈચ્છાતૃપ્તિ માટે કરવામાં આવતાં કર્મો સાથે બાંધે છે. આ એક મોટું બંધન બને છે, જે જીવના અંતકાળ સુધી સાથે રહે છે. ત્રીજો ગુણ છે : તમસ, તે સૌને મોહ પમાડનાર ગુણ છે. તેની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થાય છે. તેના લક્ષણો બહુ જાણીતા છે : પ્રમાદ, આળસ, નિંદ્રા વગેરે. સર્વ પ્રાણીઓમાં આ ગુણનું ઘણું જ પ્રભુત્વ જોવા મળે છે.

આ ત્રણે ગુણોની કાર્યપદ્ધતિ ઘણી જ સુક્ષ્મ છે, અને તે બધા જ જીવાત્મા માટે બંધનકર્તા છે. સત્વગુણ મનુષ્યને સુખ અને જ્ઞાન સાથે બાંધે છે. રજોગુણ તેને સર્વ પ્રકારના સાંસારિક કર્મો સાથે જોડે છે અને સતત કાર્યશીલ રાખે છે. પરંતુ તમોગુણ વિરૂદ્ધ પ્રકૃતિનો હોવાથી જ્ઞાનને ઢાંકી દઈને મનુષ્યને પ્રમાદમાં જોડે છે, અગર તો નિષ્ક્રિય બનાવે છે. આ ત્રણે ગુણોની રમત અંદરો અંદર પણ ચાલુ રહે છે. રજોગુણ તથા તમોગુણને દબાવી સત્ત્વગુણ આગળ વધે છે. સત્ત્વગુણ અને તમોગુણને દબાવી રજોગુણ વધે છે. તે જ રીતે સત્ત્વગુણ અને રજોગુણને દબાવી તમોગુણ વધે છે. પરંતુ જ્યારે દેહમાં અંતઃકરણને ઇંદ્રિયરૂપી દ્વારોમાં જ્ઞાન અને વિવેક પ્રકટે છે, ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે. જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે દેહધારી પ્રાણી મૃત્યુ પામે તો ઉત્તમ જ્ઞાનીઓના નિર્મળ લોકને તે પામે છે. આવું શ્રીકૃષ્ણનું વચન છે. તે જ્ઞાનમાર્ગ છે. સત્ત્વગુણથી જ્ઞાન, રજોગુણથી લોભ અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉપજે છે. જ્યારે જ્ઞાની પુરૂષ કે સ્ત્રી આ ત્રણેય ગુણો સિવાય બીજો કોઈ કર્તા નથી, તેમ જુએ છે અને પોતાને આ ગુણોથી પર રહેલા જાણે છે, ત્યારે તે પ્રભુના સ્વરૂપને પામે છે. આ તત્ત્વદર્શન છે. જ્ઞાની મનુષ્ય કે પ્રભુનો પરમ ભક્ત આ શરીરની ઉત્પત્તિના કારણરૂપ ત્રણ ગુણોને તરી જઈને, જન્મ, મૃત્યુ, વૃદ્ધત્વ તથા સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત થઈને અમૃતત્ત્વ પામે છે, એટલે કે અમરપણાનો આધ્યાત્મિક અનુભવ કરે છે, તે મોક્ષ છે. તે જ પરમ સ્વરૂપની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કાર કહેવાય છે. ગુણોથી વિચલિત ના થનાર મનુષ્ય ઉદાસીન કે તટસ્થ રહે છે. તે સદાય

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

સ્વસ્થ રહે છે, સુખ—દુઃખને સમાન ગણે છે, સાચો થિયોસોફિસ્ટ પણ આવો હોય છે. તે સેવા કરે છે. તેને માટે માટી, પત્થર તથા સોનુ સરખા જ મૂલ્યનું છે. તેને નિંદા—સ્તુતિ, માન—અપમાન, શત્રુ—મિત્ર, પ્રિય—અપ્રિયનાં દ્વંદ્વો સતાવતાં નથી. તે સર્વ સાથે સમભાવે વર્તે છે. તે બધાં જ કર્મોમાં કર્તાપણાના અભિમાનથી મુક્ત છે. તે ગુણાતીત છે. આ બ્રહ્મની સ્થિતિ છે. તેજ પરમતત્ત્વનું સ્વરૂપ છે, મોક્ષ છે.

હવે આપણે રાજસિક ગુણની વિશેષ સમજ જોઈએ. રજસ ગુણ સર્વ મનુષ્યોમાં ખૂબ જ સામાન્ય ગણાય છે તથા તેનું અહમ્ સાથે કાયમી જોડાણ રહેતું હોય છે. મૃત્યુ સુધી મનુષ્યનું 'હું'પણું જતું નથી, જે સૌથી વિશેષ બળ આપે છે, તેમજ એક રીતે દુઃખનું કારણ બને છે. એક સામાન્ય ગૃહસ્થ કે કુટુંબના વડીલ જે સૌને સુખ—સગવડ આપવાની ફરજ સ્વીકારે છે, તેણે સમાજમાં કપરા સંઘર્ષનો સામનો કરવો પડે છે. તેણે સ્વાર્થી બનવું પડે છે, ધન અને સત્તાની લાલસામાં તેણે કદાચ ઘણીવાર આક્રમક બનવું પડે છે તથા પરિણામો ભોગવવાના ડરથી તે નિરાશ કે નાહિંમત બને છે. હરિફાઈમાં હાર—જીતના કારણે તેનું વ્યક્તિત્વ ઘડાય છે કે ઘણીવાર 'અહમ્' ઘવાય પણ છે. ઘણાબધા સરકારી અધિકારીઓ કે દેશનેતાઓમાં પણ રાજસિક ગુણ પ્રધાનપણે હોય છે. તમસનું પ્રમાણ પણ ઓછેવત્તે અંશે બધામાં હોય છે, ફક્ત સાત્વિક ગુણ નિષ્ઠાપૂર્વક કેળવવો પડે છે તથા પ્રયત્નપૂર્વક જાળવી રાખવો પડે છે. આ કારણે જ કોઈ વ્યક્તિ પૂર્ણ રૂપે સારી કે નરસી નથી હોતી, બધામાં સદ્‌ગુણોનું મિત્ર સ્વરૂપ જોવા મળે છે. તેથી જ કહેવાય છે કે દરેક સંતને તેમનો ભૂતકાળ હોય છે તથા દરેક પાપી કે ગુનેગારને તેનું ભવિષ્ય. માનવ સ્વભાવને સમજવો આ કારણે જ મુશ્કેલ બને છે. કોઈનાં કર્મોની આગાહી થઈ શકતી નથી, પરંતુ બધાંને પોતે કરેલાં કર્મોનું ફળ તો અવશ્ય ભોગવવું જ પડે છે. સરકારી સ્તરે દેશની ગરીબ પ્રજાના આર્થિક વિકાસ માટેનાં સર્વ પ્રયત્નો ભલે શુભ આશયથી પ્રેરિત હોય છતાં તે પણ રાજસિક ગણાય, ઉદાહરણ રૂપે નોટબંધી કે ચલણનું નવીનીકરણ. ઉદ્યોગ—ધંધાઓ દ્વારા રાજકીય પક્ષોને અપાતાં દાન—ભેટ વગેરે પણ રાજસિક ગણાય. કારણ કે તેની પાછળ અંગત કે અન્ય લાભની આશા છૂપાયેલી હોય છે. રાજકીય માન—સન્માન, વિદેશોમાં નિમણૂંકો વગેરે પાછળ પણ અપેક્ષાઓ રહેતી હોય છે, તેથી તેવી બધી પ્રવૃત્તિ રાજસિક રૂપ ધારણ કરે છે. માબાપની મિલકત પ્રાપ્ત કરવાના હેતુથી કરાયેલું તેમનું પાછળી ઉંમરનું પાલન—પોષણ પણ આમ રાજસિક ગણાય. રાજસિક વૃત્તિના લોકોને સદાય અપકીર્તિનો ભય સતાવ્યા કરે છે. ધાર્મિક સંસ્થાઓને અપાતાં દાન આવા ભયથી પ્રેરિત હોઈ શકે છે.

રાજસિક ગુણોને ડામવા માટે ફક્ત સાત્વિક ગુણોને કેળવવા સિવાય અન્ય કોઈ ઉપાય નથી. લોભનો થોભ થવો જોઈએ. એક ચિંતકે **Greedonomics** શબ્દ વાપર્યો છે. કેટલીક સંપત્તિ જરૂરી છે અને સુખદાયી છે તેવો વિવેક કેળવવો જરૂરી છે. ગાંધીજીએ કહેલું કે આપણા સૌની જરૂરત (**need**) ને પહોંચી વળવા તો આપણી પાસે પૂરતું છે, પ્રકૃતિ તો બધું મફત આપે છે, પરંતુ આપણા લોભ (**greed**) ને પહોંચી વળવા પ્રકૃતિ પણ અસમર્થ છે. તેથી જ તો પર્યાવરણની સમસ્યાઓ ઊભી થાય છે. **Greedonomic**ની જગાએ **needonomics** નો ઉપયોગ થવો જોઈએ. કાયદાઓ કરવાથી મનુષ્ય—સમાજ સુધરતો નથી, શાસ્ત્રોનાં વ્યાખ્યાનોથી પણ નહીં. દરેક સમજુ વ્યક્તિએ પોતાના ઘરથી શરૂઆત કરવી જોઈએ. **Spirituality** અને **Spiritually guided materialism** બંનેનો સમન્વય સાધવાનું કામ બ્રહ્મ વિદ્યા કરે છે.

(લેખક : મો. નં. : ૯૭૨૭૭૬૧૩૮૦)

**સૌજન્ય : શ્રી ઉપેન્દ્રભાઈ હીરાલાલ દેસાઈ તથા શ્રીમતિ તરૂલતાબેન યુ. દેસાઈ તરફ્તી સસ્નેહ !**
**અમદાવાદ લોજ**

*પ્રસ્તુતિ*

# રામ અને કૃષ્ણ એક સિક્કાની બે બાજુ છે

શ્રીમતિ સુવર્ણા શાહ
*સનાતન લોજ, સુરત*

રામમાં આપણને ધર્મનું આદર્શ રૂપ પ્રાપ્ત થાય છે. રામ એટલે સાક્ષાત્ દેહધારી ધર્મ. રામને ધર્મની મૂર્તિ તરીકે રામાયણે વર્ણવ્યા છે. ધર્મનું તત્ત્વ સોળે કળાએ ખીલેલું છે. રામનું ચરિત્ર એક દીવાદાંડી સમાન છે. બીજી બાજુ કૃષ્ણના ચરિત્રમાં ધર્મ એટલે કૃષ્ણ કૃત ધર્મનો નિર્ણય.

ધર્મ કહે તેમ રામ કરે અને કૃષ્ણ તેમ ધર્મ રચાય. રામ ધર્મને અનુસરે, ધર્મ કૃષ્ણને અનુસરે. કૃષ્ણાવતાર પહેલાં એક સિદ્ધાંત હતો કે "યતો ધર્મસ્તતો જયઃ" અર્થાત્ જ્યાં ધર્મ છે ત્યાં જય છે. કૃષ્ણાવતાર પછી વ્યાસે આપણને જાણે કે આ સૂત્ર સુધારી આપ્યું. "યતો ધર્મસ્તઃ કૃષ્ણઃ" અને "યતઃ કૃષ્ણસ્તતો જયઃ" એટલે જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ એટલે ઈશ્વર છે અને જ્યાં કૃષ્ણ અર્થાત્ ઈશ્વર છે ત્યાં જય છે.

ગીતાનો અંતિમ શ્લોક, જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે ત્યાં શ્રી વિજય, ભૂતિ અને નીતિ રહેલાં છે.

રામ અને કૃષ્ણના સમગ્ર જીવન અને ચરિત્રને તુલનાત્મક દૃષ્ટિથી તપાસીએ તો ઘણી રસપ્રદ વાતો નજર સમક્ષ તરી આવે. રામ સૂર્યવંશમાં જન્મ્યા હતા તો કૃષ્ણ ચંદ્રવંશમાં. રામ દિવસે બાર વાગ્યે જન્મ્યા તો શ્રી કૃષ્ણ રાત્રે બાર વાગ્યે.

રામ ભક્તોને બાર વાગ્યે જમાડી દે, કૃષ્ણ રાત્રે બાર વાગ્યા સુધી ભૂખ્યા રાખે.

રામ રાજકુમાર હતા તેથી મહેલમાં જન્મ્યાં અને કૃષ્ણ તો 'ચોર' હતો.

કૃષ્ણ એટલે રાધિકાના હૃદયના ચોર, ગોપીઓના વસ્ત્રો ચોર્યા, માખણ ચોરીને ખાધું હતું. (આ બધું કૃષ્ણની નટખટ વૃત્તિઓ પણ હોઈ શકે.) ચોર તો જેલમાં જ જન્મેને.

રામ અયોધ્યામાં મોટા થયાં. શ્રી કૃષ્ણ મહેલમાંથી ગોકુળ–વૃંદાવનમાં મોટા થયાં. નાનું ગામડું પસંદ કર્યું. રામ માતા–પિતા પાસે રહ્યા. માતા–પિતાનો પ્રેમ પામી શક્યા. વાત્સલ્યને જીવી જાણ્યું. શ્રી કૃષ્ણએ દેવકીથી દૂર યશોદા પાસે રહી વાત્સલ્ય માણ્યું.

રામે મોટા થઈ વિશ્વામિત્ર પાસેથી વિદ્યા મેળવીને પહેલી સ્ત્રી તાટકનો વધ કર્યો. શ્રી કૃષ્ણે છઠ્ઠીના દિવસે કોઈપણ વિદ્યા ભણ્યા–ભણાવ્યા વિના પૂતનાનાં પ્રાણ હરી લીધા. રામ જનકપુરીમાં પ્રવેશ કરતાં જ સર્વેના દિલ જીતી લીધા પણ કોઈનો વધ ન કર્યો.

શ્રી કૃષ્ણનો મથુરા પ્રવેશ પરાક્રમોથી ભરપૂર છે. પાગલ હાથી અને કંસનો વધ કર્યો. રામે શિવ ધનુષ્ય તોડ્યું અને સીતાને વર્યા. શ્રી કૃષ્ણે કંસના યજ્ઞમાં ધનુર્ભંગ કર્યો અને ત્યાંના રક્ષકોનો સંહાર કર્યો. રામ પિતાની આજ્ઞા માની વનમાં ગયાં. જ્યારે શ્રી કૃષ્ણ માટે એવો કોઈ પ્રસંગ આવ્યો જ નથી.

સીતાનું હરણ થતાં રામ એકથી વધુ વાર રડ્યા. શ્રી કૃષ્ણ રાસમાં અદૃશ્ય થયા અને ગોપીઓ રડી. શ્રી કૃષ્ણ ફક્ત એક જ વાર રડ્યા છે અને તે પોતાના મિત્ર સુદામાની કરૂણ દશા જોઈને !

રામ સીતાજી માટે સુવર્ણમૃગ લેવા ગયા.

---

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

સીતાજીને ગુમાવવી પડી. શ્રી કૃષ્ણ સ્યમંતક મણિ લેવા ગયા અને મણિ તથા જાંબવંતીને લઈને આવ્યા. એની સાથે પરણ્યા.

સૂર્યપુત્ર સુગ્રીવનો રામે ઉદ્ધાર કર્યો. સૂર્યપુત્ર કર્ણના વધમાં શ્રી કૃષ્ણ નિમિત્ત થયા. ઈન્દ્ર પુત્ર વાલિનો રામે વધ કર્યો. ઈન્દ્ર પુત્ર અર્જુનનો શ્રી કૃષ્ણે ઉદ્ધાર કર્યો. રામે જીવનમાં કોઈ ઉપદેશ કર્યો નથી. શ્રી કૃષ્ણે અર્જુનને ગીતા કહી. આથી જ્ઞાની પંડિતો કહે છે કે "રામે કર્યું તે કરવાનું અને કૃષ્ણે કહ્યું તે કરવાનું."

શ્રી રામ યોગમાં માને છે. શ્રી કૃષ્ણ પ્રયોગમાં માને છે. શ્રી કૃષ્ણ અને શ્રી રામ એક સિક્કાની બે બાજુ સમાન છે.

(મો. : ૬૩૫૪૫૬૬૦૧૯)

---

('હું' ની ઓળખાણ પાના-૧૮ ઉપરથી ચાલુ)

તરફના વિકાસની સીડી છે. માત્ર બૌદ્ધિક-તાર્કિક વિચારશક્તિ પુરતી નથી. હૃદયની ગહરાઈનું અનુસંધાન જરૂરી છે. જિંદગીમાં વર્ષો ઉમેરવાના નથી, ઉંમરના વર્ષોમાં જીવંત રહેવાનું છે.

આવી જ રીતે આત્મવંચનાને બદલે કેટલીકવાર આત્મહિનતા કે આત્મદરિદ્રતા માણસને પલાયનવૃત્તિ તરફ લઈ જાય છે. 'મને આમાં સમજણ ન પડે', 'મને આમ કરવાનું ન ફાવે' નું વલણ પણ વિકાસમાં અવરોધ રૂપ છે. નિરાશાથી ગતિ કરતું મન સચ્ચિદાનંદ પ્રાપ્ત કરી શકતું નથી, આગળ વધી શકતું નથી. જેને ગુમાવવાનો ભય હોય તે વસ્તુ પણ સુખ આપી શકતું નથી. એક વિચારકે જણાવ્યું છે તેમ પ્રશ્નો (Problem) હોતા નથી. પરિસ્થિતિ (Situation) હોય છે અને એટલે પરિસ્થિતિમાંથી કેમ બહાર આવવું તેનો જ નિર્ણય કરવાનો છે.

જે. કૃષ્ણમૂર્તિની વિચારધારા મુજબ 'જો હું નથી તો બંધન મુક્તિ છે' હું એ મનની પેદાશ છું, હું એ સમયનું પરિણામ છું. આપણા શારીરિક શિક્ષણની પ્રાથમિકતા હોઈ શકે, પણ જ્યારે આપણે માનસિક સંરક્ષણનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે 'હું'નો પ્રારંભ થાય છે અને 'હુંકાર'માં પરિવર્તીત થાય છે. યંત્રવિદ્યાની (Technical) સ્મૃતિ વહેવારમાં જરૂરી છે. અને તેનાથી વિકાસ પામી શકાય છે. પણ મનોવૈજ્ઞાનિક સ્મૃતિ પૂર્વગ્રહો તરીકે પ્રભુત્વ મેળવે છે, ત્યારે ઘર્ષણ અને ભાગલા ઊભા થાય છે.

જ્યારે તમે જે છો તેની સાથે જીવો છો 'Being'માંથી Becomingની ખેવના નથી કે સારા–નરસાથી તોળી ન્યાય નથી કરતા ત્યારે જ સાચા 'હું'ને પ્રાપ્ત કરી શકીએ છીએ.

આમ 'હું કોણ'ને જાણવામાં માનસિક 'હું'માંથી મુક્તિ; જેને આપણે ખોટી રીતે વિધેયાત્મક માનીને ચાલીએ છે તેનો ત્યાગ. યંત્ર વિદ્યા (Technical) માટે જરૂરી સ્મૃતિ સિવાયની મનોવૈજ્ઞાનિક સ્મૃતિનો ત્યાગ ! મનુષ્યના અનુભવો, ધારણાઓ, સિદ્ધાંતો વગેરેના વિધેયાત્મક ત્યાગ પછી જ બાકી રહે એટલે 'હું' જેને આપણા શાસ્ત્રો 'नेति नेति' થી સમજાવે છે. આથી જો બાહ્ય અસ્તિત્વ (શરીર, વારસો, વાતાવરણ) અને આંતરિક અસ્તિત્વ વચ્ચે સમતુલા સ્થપાય, ભૌતિક વિકાસ અને આત્મવિકાસ વચ્ચે સમતુલા જળવાય તો જ આ શક્ય બને છે અને સ્વયંથી જાગવા માટે જ્ઞાન–જ્ઞેયથી દ્વૈતમાંથી મુક્તિ જરૂરી છે.

(મો. : ૯૪૨૭૪૧૯૮૫૩)

---

**સ્વ. મંજુલાબેન મનસુખભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી મનસુખભાઈ ગોરધનદાસ મિસ્ત્રી, અમદાવાદ લોજ**

# માનવ પ્રગતિ, ડાર્વિન તથા રાષ્ટ્રચિંતન

પ્રસ્તુતિ
શ્રી ભરત ચુડાસમા
અમદાવાદ લૉજ

યુરોપમાં તે સમયે ધાર્મિક અંધવિશ્વાસ તથા સમાજમાં ખોટી માન્યતા તથા રાજનૈતિક ક્ષેત્રે ખોટું આધિપત્ય હતું. તે સમયે સમગ્ર યુરોપમાં બાઈબલનાં સિદ્ધાંતોને ખોટી રીતે લોકોની અંદર ફેલાવવામાં આવ્યા હતા. આવા ફેલાવાને કારણે આ વિચારો કે સિદ્ધાંતોની વિરૂદ્ધ કોઈ ટીકા કરી શકતું નહિ કે વિરોધ કરી શકતું નહિ. આવા વિરોધને સામાજિક કે રાજનૈતિક દબાણથી હટાવી કચડવામાં આવતો. આમ તે સમયે ધાર્મિક આધિપત્ય હતું. આ આધિપત્યના જોરે એવી માન્યતા પ્રવર્તિ કે આ સમગ્ર વિશ્વ ઈશ્વરે સાત જ દિવસમાં બનાવી કાઢ્યું છે, પરંતુ તે સમયે ડાર્વિન નામના વ્યક્તિએ આ બાબતને સ્વીકારી નહિ ને તેની પાછળ શોધ કરી કે પરમાત્માની આ સૃષ્ટિ આ પ્રમાણે સાત દિવસમાં રચાય નહીં. તેની પાછળ વિકાસવાદ ક્રમ વગેરે સમાયેલાં છે. તેના શોધ–સંશોધન માટે તેમણે આખા વિશ્વની યાત્રા કરી. તેમાં ઉત્તર–પશ્ચિમ–દક્ષિણનાં દૂરના દેશો સુધી ગયા અને એ વાતની માહિતી મેળવી કે આ સમગ્ર જગત પરમાત્માની એકધારી વિકાસયાત્રા સતત પ્રગતિના આધારે થઈ છે. ક્રમ પ્રમાણે ધીરે ધીરે તમામ જીવો, વૃક્ષો વગેરે પ્રગતિ કરતા ઉત્પન્ન થતા ગયા છે. જુની રૂઢિગત માન્યતા, ખોટા ભ્રમ, વહેમ વગેરેને આવા પ્રવાસ સંશોધનથી દૂર કર્યા અને જગત સામે વિકાસવાદની વાત રજૂ કરી. પરમાત્માની આ વિશાળ સૃષ્ટિમાં એક ખૂણામાં બેઠેલો મનુષ્ય જ્યાં સુધી તેની સૃષ્ટિના જીવોનાં જીવનનો અભ્યાસ કરતો નથી ત્યાં સુધી રૂઢિને વળગી રહી ખોટા ભ્રમ ફેલાવે છે.

ડાર્વિનનો જન્મ ૧૮૦૯માં ઈંગ્લેન્ડમાં થયો હતો અને સંજોગોવશાત તેજ સમયે અમેરિકામાં અબ્રાહમ લિંકનનો જન્મ થયો હતો. કહેવાય છે કે લિંકને ગુલામી પ્રથાને નાબુદ કરી હતી અને ડાર્વિને વિકાસવાદની મોટી માન્યતાને નાબુદ કરી હતી. ડાર્વિન બાળપણમાં ભણવામાં સામાન્ય હતા અને સ્કૂલની શિક્ષા પછી પિતાએ પોતાની માફક ડોક્ટર બનાવાની ઈચ્છા કરી હતી. પરંતુ તેમાં સફળતા ન મળતા તેઓને એડનબર્ગમાં મોકલી એક સંસ્થામાં ધર્મના અભ્યાસમાં પરોવ્યાં. ધર્મની આડમાં તેમણે વિજ્ઞાન તથા પ્રકૃતિના સંશોધન કર્યા. ઉપરાંત તેણે તે સમયે ધર્મ ઉપદેશ–માન્યતા, રિવાજોનો અભ્યાસ કર્યો. લોકોની અંદર ધર્મના ફેલાવાના બદલે તેમણે તે માધ્યમથી એ વાતની શોધ કરી કે ધર્મ દ્વારા ખોટો પ્રચાર કેવી રીતે થઈ રહ્યો છે. સમગ્ર બાબતને સમજી પછી પોતે વિજ્ઞાન, સત્ય પ્રકૃતિ, પરમાત્મા, વિકાસ વગેરેની શોધમાં લાગ્યાને જગતને ડાર્વિનનો વિકાસવાદ નામનો શોધ નિબંધ આપ્યો. આજે જગતમાં દેખાતી પ્રગતિ, પરમાત્માની વિકાસ યાત્રા તેમના પ્રયાસોને આભારી છે. મનુષ્ય પણ તે જ વિકાસ ગાથાનો ભાગ છે. પ્રગતિનો સૂત્રધાર છે, ઉપરાંત આ પ્રક્રિયા સતત તથા અનંત છે તેમ જણાવ્યું. આવનારા સમયમાં વિશ્વ માનવજીવો, પ્રાણીઓ વગેરેની પ્રગતિનો ક્રમ સતત ચાલશે અને તેજ પરમાત્માની હાજરી, ઈચ્છા–સંચાલન શક્તિ હશે તેમ જગતને સમજાવી તેઓ આ દુનિયાથી વિદાય થયા.

**સ્વ. શ્રીમતિ નિર્મળાબેન નંદલાલ ચાવડાની સ્મૃતિમાં...**

**સૌજન્ય : શ્રી નંદલાલ એસ. ચાવડા, ગ્રામ સેવા લોજ, કોંજલી**

## રાષ્ટ્રચિંતન – રાજતંત્ર અને વિચારક્રાંતિ

ભારત છેલ્લી ચાર સદીથી અનેક રાજશાસનમાંથી પસાર થયું છે. તેના સારા–ખરાબ પરિણામો મેળળી આજે પ્રજાતંત્રની સફળતા તરફ અગ્રસર થવા જઈ રહ્યું છે. રાજતંત્રની સફળતા ત્યારે મળે કે જ્યારે લોકો શિક્ષિતિ, વિચારવાન, જ્ઞાનવાન, ભાવનાવાન હોય. આ પ્રકારનો પ્રજાનો વિકાસ માત્ર જ્ઞાન ક્રાંતિ દ્વારા જ શક્ય બની શકે છે. વિશ્વના અનેક દેશોમાં રાજક્રાંતિ થઈ, પ્રજાતંત્રની અંદર સામાજિક તથા ધાર્મિક ક્રાંતિ થઈ તેજ દેશની પ્રજા વિચારક્રાંતિ દ્વારા પરિપક્વ થઈ હતી તથા જ્ઞાનક્રાંતિ દ્વારા સુખને સમૃદ્ધિ જલદી મળતા થયા. વિકાસ ચરમસીમા પર પહોંચ્યો, છેલ્લી કેટલીય સદીથી વિશ્વના મોટાભાગનાં દેશોમાં સામ્યવાદી વિચારધારાની લહેર ફરી હતી. તેની શરૂઆત રૂસો તથા કાર્લ માર્કસ દ્વાર થઈ હતી. તેની વિચારણા તથા પદ્ધતિથી વિશ્વના અનેક દેશો પ્રભાવીત થયાને પ્રગતિ માટે પ્રજાને યોગ્ય ન્યાય આપી શક્યા, પરંતુ કાળાંતરે તેમાં પણ દૂષણ, સ્વાર્થ જેવા તત્વો ભળતા રહ્યા. શ્રેષ્ઠ વિચારણા પરંપરાનો દૂર ઉપયોગ થવા લાગ્યો અને આજે આ વિચારણા સમગ્ર વિશ્વમાંથી વિદાઈ લઈ ચૂકી છે. તેની પાછળનું કારણ એક જ છે કે, લોકો વિચારોથી પરિપક્વ બની પ્રજાતંત્ર, સ્વતંત્રતા, અભાવ અધિકાર વગેરેને સમજી શ્રેષ્ઠ નાગરિકો બન્યા છે. તેથી તે શાસન પદ્ધતિમાં પરિવર્તન આવ્યા છે. જાપાન જેવા નાના દેશો વિશ્વને પ્રજાની પરિપક્વતા દ્વારા બતાવી આપ્યું છે કે રાષ્ટ્રનો વિકાસ શ્રેષ્ઠ પ્રજા દ્વારા જ શક્ય છે. પ્રજા જેટલી સંસ્કૃત ભણેલી સમજદાર હશે તેટલો વિકાસ વધારે તથા સારાં થશે.

યુગ નિર્માણ યોજના દ્વારા ભારતમાં વિકાસ માટે મોટો ફાળો આપ્યો છે. પ્રજાની સાંસ્કૃતિક વિકાસ યાત્રા, વિચારો, સમજની પરિપક્વતા, ભાવના તથા શ્રેષ્ઠ ચારિત્રનાં વિકાસ માટે મહત્ત્વની વિચારક્રાંતિની ભૂમિકા રહી છે. આ યોજના દ્વારા અનેક પુસ્તકો તથા અનેક પ્રકારની જ્ઞાન, સમજ માટે યોજના વિસ્તાર કર્યા છે. જ્યારે જ્યાં સુધી દેશમાં શ્રેષ્ઠ નાગરિકો, ભાવનાશીલ લોકો પેદા નહિ થાય કે ભાવના કેળવશે નહીં ત્યાં સુધી કોઈપણ પ્રજાતંત્ર સુખી થશે નહિ. શાસનતંત્ર માત્ર સાધનોના નિયમનનું કાર્ય કરી પ્રજાની સુખાકારી વધારશે, પરંતુ ભાવનાત્મક નવનિર્માણ તથા વિચારક્રાંતિ માટે, પ્રગતિ માટે યોજના દ્વારા જ પ્રજાને યોગ્ય જ્ઞાન–દિશા મળશે. આ આંદોલન રાજતંત્ર તથા ધર્મતંત્ર બને જેટલું જ ઉપયોગી છે. વિચારક્રાંતિ દ્વારા જ જનમાનસનો સુધાર થશે. જો પ્રજા સુધાર વગરની નિરક્ષર અજ્ઞાની હશે તો ગમે તેવા શ્રેષ્ઠ શાસક કે તંત્ર તથા ધર્મનું માધ્યમ પણ શ્રેષ્ઠતા અપાવવા નિષ્ફળ થશે તેથી હાલના સમયમાં રાજનીતિ કે ધર્મના માધ્યમ કરતા પણ શ્રેષ્ઠ સામાજિક જવાબદારી રૂપ વિચારક્રાંતિ, યુગનિર્માણ યોજના દ્વારા સંપન્ન થઈ રહી છે. આ ક્રાંતિની જ્વાળા વિશ્વના દરેક પ્રજાજન સુધી પહોંચશે માટે જ સાચા અર્થમાં રામરાજ્યની ભાવના સમગ્ર વિશ્વ પર થશે અને દેશ–પ્રજા વચ્ચેના ઝઘડા–ઉંચનીચના ભેદભાવ મટી સાચા અર્થમાં વિશ્વ સુખના માર્ગ પર આવી શકશે. આપણે આ વિચારક્રાંતિ આંદોલનને સફળ બનાવવા માટે જન–જન સુધી યુગનિર્માણ યોજનાને વિસ્તારીએ; તે જ સમયની–યુગની માંગ છે. રાજતંત્ર, ધર્મતંત્ર ત્યારે જ સફળ થશે કે જ્યારે પરિપક્વ લોકો પૃથ્વી પર હશે. વિશ્વ માનવતાના વિકાસ માટે આ આંદોલન વિશ્વના દરેક ખૂણે પહોંચાડીએ તે જ યોજના છે.

(મો. : ૯૩૭૫૭૧૫૦૮૦)

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

પ્રસ્તુતિ

'કમલ'
રેવા લોજ, વડોદરા

## રંગ ભરવા જિંદગીમાં

રંગ ભરવા જિંદગીમાં દ્વાર પર પૂરો ભલે
ભાવ ભરવા પ્રેમભીનાં આંગણા ભીનાં ભલે

સાવ કોરા ના રહેવું આંખ ભીની હો સજળ
અન્યમાં આનંદ ભરવા, આવકારો હો ભલે

ભાગ લેવો સુખમાં ને સુખનું હો સ્વાગતમ્
દુઃખ કરજો દૂર સત્વર જાત પર સહેજો ભલે

અંધારપટ ઘરમાં ભલે અન્ય ઘર ઉજ્જવળ કરો
ભાવનિર્માણ હાસ્ય કરજો, તાપમાં તપજો ભલે


ઘર ફળીયું ગામ કે, હો નગર તીર્થ જ ગણો
જિંદગી ચરિત્ર્યશીલ દર્પણ સમા થાજો હવે

ગત વર્ષને ભૂલો નહીં, અવગુણ નહીં સદ્ગુણ ભરો
છે જ નુતનવર્ષ આ લો શપથ આગળ વધો

આજ સાચી થિયોસોફી સત્યજીવન શીખવે
કર્મમાં સત્કર્મ જોડી સર્વની સાથે રહો

કનુપ્રસાદ પાઠક 'કમલ'
(રેવા લોજ, વડોદરા) (મો. : ૯૯૯૮૯૫૪૧૮૪)

---




પ્રિન્સીપાલ, કુલપતિશ્રી જયેશ જે. દેસાઈને સ્મૃતિવંદના

પ્રસ્તુત પુસ્તક માર્ચ ૨૦૨૧ સુધીમાં છપાઈને રસ ધરાવનાર સૌને વાંચવા મળી શકવાનું છે.

પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવા માટે પ્રેરણા પૂરી પાડે છે રેવા લોજ, વડોદરાનાં પૂર્વ પ્રમુખશ્રી ડૉ. ભાસ્કરભાઈ વ્યાસ, નિષ્ણાત પ્લાસ્ટિક સર્જન.

લેખન કાર્ય ડૉ. અનસૂયા જયેશભાઈ દેસાઈએ કર્યું છે.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરવા પાછળનો હેતુ વ્યક્તિ પોતાનો વિકાસ (તમામ પ્રકારનો) કેવી રીતે કરી શકે અને પ્રતિકૂળ સંજોગોને પણ કેવી રીતે અવસરમાં પરિવર્તિત કરવાનું કૌશલ્ય વિકસાવી શકે તે અંગેનો છે.

પ્રસ્તુત પુસ્તક ચાર વિભાગોમાં વિભાજીત થયું છે. કુલ ૧૧ પ્રકરણો છે.

વિ-૧ : સ્મરણયાત્રા, વિ-૨ : ભાવાંજલિ, વિ-૩ : સ્મરણાંજલિ, વિ-૪ : છબિસંપુટ

સદર પુસ્તક માટે સંપર્ક : ૮૮૪૯૯૫૧૩૫૫

---

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

પ્રસ્તુતિ

શ્રી દિવ્યેશ મહેતા
અમદાવાદ લૉજ

# 'હું' ની ઓળખાણ

પોતાના વર્તમાનથી અસંતુષ્ટ સાધકે શ્રી રમણ મહર્ષિ પાસે આધ્યાત્મિક માર્ગદર્શન માંગ્યું ત્યારે તેમણે "હું કોણ છું" તેને ઓળખો એટલે બધા પ્રશ્નોનો જવાબ મળી જશે એમ જવાબ આપ્યો.

માણસ ઈશ્વર ક્યાં છે ? સત્ય શું છે ? તેની શોધખોળમાં આમ તેમ ફાંફા મારે છે. તેના જવાબમાં શ્રી રમણ મહર્ષિ જણાવે છે "જે ખોવાયું નથી, તેને કેવી રીતે શોધી શકશો ? તમારી જાતને જાણ્યા પછી કશું જાણવાનું રહેશે નહિ.

આપણી પાસે બે જ વિકલ્પ છે. 'સ્વયંથી જાગો અથવા સ્વયંથી ભાગો' સ્વયંથી ભાગવા માટે દુનિયામાં બહારના મનોરંજનના ઘણા વિકલ્પો છે અને સ્વયંથી જાગવા માટે જ્ઞાન–જ્ઞેયની મુક્તિ જરૂરી છે. તે માત્ર શુદ્ધ જ્ઞાન છે. જ્યાં ચૈતન્ય નિર્વિષય છે, નિર્વિકલ્પ છે, નિર્વિચાર છે, જ્યાં માત્ર અનુભૂતિ આત્મજ્ઞાન છે.

પણ આપણા બધા 'હું'નું ઉદ્દભવસ્થાન તો આપણું મન છે. 'હું' એટલે આપણા મનનાં વિચારો અને આપણો અહંકાર. આપણે આપણા આ મનથી જ સત્યને પામવા પ્રયત્ન કરીએ છીએ. આપણા મનને નક્કી કરેલ વ્યાખ્યા મુજબ જ 'સત્ય'ને શોધીએ છીએ અને આપણે આપણા મને નક્કી કરેલ વ્યાખ્યા મુજબના સત્યને સ્વીકારીએ છીએ.

આપણા ગ્રંથો, ગુરુઓ, ધાર્મિક પંથો કે પરંપરાઓને આધારે સત્ય પામ્યાનો સંતોષ પામી અટકી જઈએ છીએ. પણ જો આ વિચારો, આવા જ્ઞાનથી મુક્ત થઈએ તો જ સત્યને પામી શકીએ. આથી જ પ્રખર વિચારક શ્રી જે. કૃષ્ણમૂર્તિ **'Freedom from known'** પર ભાર મુકે છે. 'હું જાણું છું, મને બધું જ્ઞાન છે'ના વહેમમાં અટવાતો માણસ નવી ખોજ કરતો. નથી પોતે ઉભા કરેલા કોચલામાં ખોવાઈ જાય છે.

પણ ખોજનો પાયો સંદેહ છે. ખોજનો અર્થ અવિશ્વાસ નથી. અવિશ્વાસ તો ખોજનું નિષેધાત્મક સ્વરૂપ છે. આવી જ રીતે નાસ્તિકતા પણ સાચી પરિસ્થિતિને સમજ્યા, જાણ્યા વગરની પોતાની આંધળી શ્રદ્ધાનો સ્વીકાર છે. આમ આંધળો વિશ્વાસ અને નાસ્તિકતા બંનેમાં જડતા છે. વિચાર–વિવેક વગર લીધેલો નિર્ણય છે. માત્ર જાગૃત વિચાર શક્તિ જ સત્યની ખોજના માર્ગે લઈ જઈ શકે.

વિચારોની ભીડમાં ખોવાયા વગર કે જ્ઞાની હોવાનો દંભી પ્રયત્ન કર્યા વગર કે બીજાના વિચારોના આધાર લીધા વગર જ સાચી દિશામાં જઈ શકાય. અજ્ઞાનતાનો ઢાંકપિછોડો કર્યા વગર સાચું જ્ઞાન જ્યાંથી મળતું હોય ત્યાંથી ખુલ્લા દિલે સ્વીકારવું રહ્યું. આત્મવંચના ઘાતક છે.

આવી જ રીતે સ્મૃતિ (**memory**)ના આધારે નક્કી કરેલ વ્યાખ્યા મુજબ નિર્ણય લેવાથી સાચા વિચારક થઈ શકાતું નથી. અતીતના ભારથી મુક્તિ અને ભવિષ્યના ભયમાંથી મુક્તિ મેળવી સાચી દિશામાં પ્રયાણ કરી શકાય. વિચાર સદા મૌલિક હોય છે. વર્તમાન પરિસ્થિતિના આધારે લીધેલો નિર્ણય સાચી દિશાનો હોય છે. આવી જાગરૂકતા માટે બંધિયાર વિચારમાંથી મુક્ત વર્તમાનમાં જ વિચાર પૂર્વક, તટસ્થ દર્શન (**Right Perception**) ના આધારે સત્યને નિરખવું જરૂરી છે. એ સ્વજ્ઞાનની ગતિ છે. આત્મજ્ઞાન

*(અનુસંધાન પાન-૧૪ ઉપર)*

# શાખા સમાચાર

## ઈ–મીટીંગ્સ

- **અમદાવાદ લોજ, અમદાવાદ :** માર્ચ દરમિયાન લોજના મકાનમાં સાંજે ૫ થી ૬ દરમિયાન પ્રત્યક્ષ રીતે પ્રવચનો યોજાયાં. ૩જીએ 'સાધન ચતુષ્ટય – યોગ જીવન' વિષે સુશ્રી વર્ષા પટેલ, ૧૦મીએ 'બ્રહ્મવિદ્યા –ભક્તિ યોગ' વિષે શ્રી પ્રફુલભાઈ શાહ, ૧૭મીએ 'જે. કૃષ્ણમૂર્તિ અને સંત કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠ, ૨૪મીએ 'નારદ ભક્તિ સૂત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલિયા તથા ૩૧મીએ 'પ્રભુ ઈસુની પીડાની કથા – અંતિમ છ કલાક' વિષે ડૉ. થોમસ પરમારે પ્રવચનો કર્યા.
- **રોહિત લોજ, અમદાવાદ :- દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :** માર્ચ દરમિયાન ૬ઠ્ઠીએ 'હીડન સાઈડ ઓફ ધ થીંગ્સ' –લેડબીટર સાહેબના પુસ્તક પર આધારિત ''આપણે આપણી ટેવોના ભોગ કેવી રીતે બનીએ છીએ'' તે વિષે શ્રી ધવલ શેઠ, ૧૩મીએ 'મૃત્યુની પેલે પાર' વિષે સુશ્રી વર્ષાબેન પટેલ તથા ૨૦મીએ 'નારદ ભક્તિ સૂત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલિયાએ પ્રવચનો કર્યા.
- **રેવા લોજ, વડોદરા : દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ દરમિયાન આયોજીત ઈ-મીટીંગ્સ :** માર્ચ દરમિયાન ૭મીએ 'લેડબીટર સાહેબનું જીવન અને કાર્ય' વિષે સનાતન લોજ સૂરતના પ્રમુખ શ્રી ઉદયકુમાર પાકાવાલા, ૧૪મીએ 'અસ્તીત્વવાદ' વિષે ડૉ. કિરણ શીંગ્લોત તથા ૨૧મીએ 'ઈકીગાઈ' 'સુખી જીવનનું રહસ્ય' વિષે શ્રીમતિ રાજેશ્વરીબેન દવેએ પ્રવચનો કર્યા.

**'થિયોસોફિક જ્યોતિ'** દ્વારા આપણા સભ્યોની, તેમના કુટુંબીજનો તથા સહૃદયી સંબંધીઓ તથા મિત્રોની **''જન્મદિનની શુભેચ્છા'' 'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને શુભેચ્છા પાઠવીએ છીએ.

**રૂા. ૫૧/-** (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund' Central Bank of India (Sardarnagar Area Branch, Bhavnagar, 01360) A/c. No. 1871957084 IFSC : CBIN0281360**માં જમા કરાવ્યાથી આ પ્રકારની **'શુભેચ્છા'** વ્યક્ત કરતાં રહીશું.

***ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના ''જન્મદિનની શુભેચ્છા-સૌજન્ય'' પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.***

**એપ્રિલ-૨૦૨૧ દરમિયાન જન્મદિનની શુભેચ્છાઓ...**

**૪ એપ્રિલ : શ્રી ભાસ્કરભાઈ સી. ભટ્ટ**

(અમદાવાદ લોજ)ને જન્મદિનની શુભેચ્છાઓ...

**૧૪ એપ્રિલ : પૌત્ર હેતરાજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને**

**૧૯ એપ્રિલ : પુત્રવધુ ખ્યાતિ દિપેન દરજી**

**સૌજન્ય :** અતુલભાઈ દરજી (રેવા લોજ, વડોદરા)


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **April–2021**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...




## Thoughts For Aspirants
## (મુમુક્ષુઓ માટે ચિંતનકણીકાઓ)

એન. શ્રીરામને એપ્રિલ મહિનામાં (મૃત્યુ ૮ એપ્રિલ) શ્રદ્ધાંજલિ અર્પતાં આ વિશિષ્ટ પુસ્તકનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રથમવાર ૧૯૫૦માં TPH દ્વારા પ્રકાશિત થયેલું. ત્યારબાદ ૧૯૭૨માં બીજી વખત અને ૨૦૧૦માં ત્રીજી વખત પ્રકાશિત થયું. પુસ્તકમાં એન. શ્રીરામે '૨૨' શીર્ષકો હેઠળ મુમુક્ષુઓ, શિષ્યો, નવા દાખલ થતાં સભ્યો જેઓ 'થિયોસોફી'ના અભ્યાસુ છે, તેઓ સર્વે માટે "શબ્દવિચારો"ને રજૂ કર્યા છે. દરેક શીર્ષક એક સદ્‌ગુણ દર્શાવે છે. તે દરેક વિષે નાના નાના ફકરા સ્વરૂપે એક શિલ્પીની જેમ વિચારોને કંડાર્યા છે. અંગ્રેજી ભાષાની સરળતા અને શબ્દ ગુંથણી રસપ્રદ છે. દરરોજ થોડું થોડું વાંચનની ટેવ પાડનાર દરેક મુમુક્ષુ માટે આવું નાનકડું પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે. વળી જેને અંગ્રેજી ભાષાનો વધુ મહાવરો કરવો છે તેવા સભ્યો માટે તો 'સ્વ–શિક્ષણ'ની વિશેષ તાલીમ મળતી જશે તેવું નિઃશંકપણે અનુભવી શકાશે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH